# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. PRACHAR BANDH

આગામી સાતમી મેના રોજ રાજ્યની 25 લોકસભા અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણી માટે આજે સાંજે છ વાગ્યે જાહેર પ્રચાર પડઘમ બંધ થશે. સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી માટે પૂરતો બંદોબસ્ત પણ કરવામાં આવ્યો છે.

રાજ્યના ચૂંટણી પંચે લોકસભા અને ખાલી પડેલી વિધાનસભાની બેઠકો માટે સાતમી મેના રોજ યોજાનાર ચૂંટણી માટે ઝીણવટપૂર્વક તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી છે. ઇવીએમ અને વીવીપેટ કમિશનીંગની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે.

મતદાનના દિવસે ગરમીથી બચવા માટે તમામ મતદાન મથકોએ ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે, જેમાં મતદાન કેન્દ્રો પર મેડીકલ કીટ, ફસ્ટ એઇડ કિટ ઉપલબ્ધ હશે. ઓઆરએસ અને ઠંડા પાણીની વ્યવસ્થા તેમજ તડકાથી બચવા છાંયડાની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ કહ્યું છે કે,85 વર્ષથી વધુ વય ધરાવતા કુલ 12 હજાર 892 મતદારો તથા 3 હજાર 38 દિવ્યાંગ મતદારોએ મતદાન કર્યું છે. ચૂંટણી ફરજમાં ફરજ બજાવતા બે લાખ 23 હજાર 52 જેટલા સરકારી કર્મચારીઓ અત્યાર સુધી પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું છે.

10 દેશોના પ્રતિનિધીઓ આજથી આઠમી મે સુધી રાજ્યની મુલાકાતે છે. આ ડેલીગેશન મોકપોલ અને વાસ્તવિક પોલ જોવા મતદાન કેન્દ્રોની મુલાકાત લેશે.

ચૂંટણી અને દેખરેખ નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત 756 ફ્લાઇંગ સ્કવોર્ડ, અત્યાર સુધી 928 કરોડ 85 લાખ રૂપિયાથી વધુ કિંમતના, દેશી

વિદેશી દારૂનો જથ્થો, સોનુ ચાંદી, નશીલા પદાર્થો સહિત રોકડ રકમ જપ્ત કરી છે.

આજે સાંજે છ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ છે તેથી મતદર ન હોય અને મતવિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા હોય તે લોકોને પ્રચાર બંધ થતાં જ તરત જ મતવિભાગ છોડીને જતા રહેવા સૂચના અપાઇ છે.

# GUJ. PRACHAR

લોકસભાની ત્રીજા તબક્કામાં યોજાનારી સામાન્ય ચૂંટણીના પ્રચાર શાંત થવામાં હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે ભાજપ, કોંગ્રેસ સહિત વિવિધ પક્ષના અગ્રણીઓ અંતિમ તબક્કાનો પ્રચાર કરી રહ્યા છે.

ભાજપના અગ્રણી નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નડીયાદમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં ભવ્ય બાઇક રેલી તથા રોડ-શૉ કર્યો હતો. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સોશિયલ વિભાગના ચેરમેન અને રાષ્ટ્રીય પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે આજે બપોરે બાર વાગ્યે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના સાંસદ સી.આર.પાટીલના સમર્થનમાં ભાજપ નેતા અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મજૂરા વિધાનસભા વિસ્તારમાં રોડ- શો યોજ્યો હતો. રેલીમાં તેમની સાથે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ જોડાયા હતા.

બોટાદ તાલુકાના કનીયાડ ગામે બોટાદ- ભાવનગર લોકસભા બેઠકના ઉમેદવાર નિમુબેન બાભણીયાના સમર્થનમાં એક જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચમહાલ જીલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સાત વિધાનસભા બેઠકો પર અલગ અલગ કાર્યક્રમો યોજવામાં આવ્યા, જેમાં ભાજપના પંચમહાલ

બેઠકના ઉમેદવાર રાજપાલસિંહ જાદવના સમર્થનમાં પ્રચાર કરવામાં આવ્યો.. જે અંતર્ગત, ગોધરા શહેરમાં ભાજપ દ્વારા પદયાત્રા યોજાઇ ગઇ..

તો ભુજમાં અમરાવતી લોકસભાના સાંસદ નવનીતા રાણાની ઉપસ્થિતિમાં રોડ- શો યોજાઇ ગયો.

છોટા ઉદેપુર જીલ્લામાં ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવાએ વિશાળ બાઇક રેલી યોજી હતી. જ્યારે વડોદરા કોંગ્રેસના ઉમેદવાર જસપાલસિંહ પઢીયારે કાર્યકર્તાઓ સાથે બાઈક અને ટેમ્પો રેલી યોજી હતી. તો વેરાવળમાં કોંગ્રેસની સભા યોજાઈ..

# GUJ. RUN FOR VOTE

રાજ્યભરમાં આજે જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા ‘રન ફોર વોટ’નું આયોજન કરવામાં આવ્યું છે. લોકશાહીના મહાપર્વ એવી લોકસભા સામાન્ય ચૂંટણીના ઢોલ ઢબૂકવા માંડ્યા છે. આ લોકશાહીના મહોત્સવને વધારવા માટે મતદારો થનગની રહ્યા છે. ત્યારે મતદારોના ઉત્સાહ અને ઉમંગને વધુ બળ આપવાના ઉમદા આશયથી આજે ગાંધીનગરમાં ‘રન ફોર વોટ’ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, આ રન ફોર વોટ સ્વર્ણિમ પાર્કની સરદાર પટેલની પ્રતિમાથી ઘ-૪ થઇ મહાત્મા મંદિર પહોંચી હતી, જેમાં 2500 જેટલા નાગરિકો સહભાગી થયા હતા.

આ પ્રસંગે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ લીલીઝંડી બતાવીને રેલીને પ્રસ્થાન કરાવતાં કહ્યું હતું કે, લોકશાહી દેશમાં મતદારો આધારસ્તંભ છે. લોકશાહીના આ અવસરે મહિલા મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ અર્થે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે મહિલા સહિત સર્વે મતદારોને લોકસભા સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન કરીને લોકશાહીના અવસરમાં સહભાગી થવા અપીલ કરી હતી.

## (બાઇટ- પી.ભારતી)

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ‘રન ફોર વોટ’ના કાર્યક્રમમાં ૨ હજારથી વધુ યુવાનો, પોલીસ જવાનો, શિક્ષકો તેમજ નાગરિકો જોડાયા હતાં..અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કેના હસ્તે 'રન ફોર વોટ’ને ફ્લેગ ઓફ કરાઇ હતી..વધુને વધુ મતદાન કરવા અને કરાવવાના સંદેશ આ કાર્યક્રમ દ્વારા પ્રસરાવવામાં આવ્યો હતો.

# NEET-2024

સ્નાતક કક્ષાના તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નેશનલ એલિજિબિલિટી એન્ટ્રન્સ ટેસ્ટ-NEET પરીક્ષા આજે લેવાઇ રહી છે. આ વર્ષે અંદાજે 24 લાખથી વધુ ઉમેદવારો દેશભરના 557 શહેરો અને ભારત બહારના 14 શહેરોના વિવિધ કેન્દ્રો પર પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષા બપોરે 2 વાગ્યાથી શરૂ થઇ છે જે સાંજે 5 વાગીને 20 વાગ્યા સુધી યોજાશે.

# WEATHER

રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે.. મહત્તમ અને લઘુત્તમ તાપમાનનો પારો સતત ઉંચે જઇ રહ્યો છે..ત્યારે હવામાન વિભાગે જાહેર કરેલા આંકડા અનુસાર છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સૌથી વધુ તાપમાન અમરેલીમાં 43 ડિગ્રી નોંધાયું છે. જ્યારે  છોટાઉદેપુરમાં 41.4, વડોદરામાં 41.2, સુરેન્દ્રનગરમાં 41 અને રાજકોટમાં 49 ડિગ્રી તાપમાન રહ્યું હતું ..

હવામાન વિભાગે આગામી 4 દિવસ પોરબંદર, ભાવનગર, ગીર-સોમનાથ અને કચ્છમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે..જો કે, અન્ય સ્થળોએ આગામી ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં કોઇ મોટો ફેરફાર થાય તેવી શક્યતા નહિવત હોવાનું જણાવાયું છે.

કાળઝાળ ગરમીની વચ્ચે અમદાવાદ સહિત રાજ્યના અનેક જીલ્લાઓમાં વાતાવરણમાં પલટો આવ્યો છે.. અમદાવાદમાં પણ આજે સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું.

ખંભાળિયા તેમજ દ્વારકા પંથકમાં અસહ્ય ગરમી બાદ વાદળછાયું વાતાવરણ સર્જાયુ હતું..વાદળછાયું વાતાવરણ થતાં લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી હતી.